દહેજ, વર અને કન્યામાં અપેક્ષિત ગુણો છુટાછેડા, પત્નીના અધિકારો, માતાનું ગૌરવ વગેરે અનેક બાબતો અંગેના ધોરણો અને આદર્શોનું વર્ણન જોવા મળે છે.

રામાયણકાલીન સમાજમાં પુત્રીના જન્મ સમયે ખુશી મનાવવામાં આવતી નહીં, એટલા માટે નહીં કે પિતાનો પ્રેમ પુત્રી માટે નહીં હોય, પરંતુ મુખ્ય કારણ એ હતું કે, કન્યા માટે યોગ્ય વર શોધવો અત્યંત મૂશ્કેલ કાર્ય હતું. પુત્રી સન્માનની ઈચ્છા રાખવાવાળા બધા જ લોકોને માટે કન્યાનો પિતા હોવું દુઃખનું કારણ હોય છે. (ઉત્તરકાંડ : ૯-૯-૧૦)

કન્યાના સંસ્કાર અને પાલનપોષણના સંદર્ભમાં રામાયણમાં વર્ણન જોવા મળતું નથી, પરંતુ રામાયણમાં આપણને એ પણ જોવા મળે છે કે સીતાને પ્રાપ્ત કરીને રાજા જનક અત્યંત પ્રસન્ન થયા અને ખૂબ જ પ્યારથી એનો ઉછેર કર્યો. વરની પસંદગી કરવામાં કન્યા સ્વતંત્રતા ધરાવતી. (ઉત્તરકાંડઃ૯-૧૧) રામાયણકાલીન સમાજમાં વ્યભિચારને કલંક માનવામાં આવતો. (૨, ૭૫, ૫૫, ૩) લગ્નને એક સંસ્કાર માનવા સાથે અને બે આત્મોઓનું મિલન કહેવામાં આવ્યું છે. પવિત્ર મંત્રો અને સપ્તપદી દ્વારા સંપન્ન થવાને કારણે લગ્નનો સંબંધ મૃત્યુપર્યંત સુધી અતુટ હોય છે. (ચોથો અધ્યાય પૃષ્ઠ-૨૯-૩૧) રામાયણમાં બહુસાથી લગ્નના અનેક ઉદાહરણ જોવા મળે છે. આમ છતાં એકસાથી લગ્નવાળી વ્યક્તિ સન્માનિત ગણાતી. રામાયણકાળમાં વિધવા સ્ત્રીને દયાભાવથી જોવામાં આવતી, જો કોઇ સ્ત્રી વિધવા થાય તો તેને પોતાના દુષ્કર્મોનું પરિણામ માનવામાં આવતું. (સાતમો અધ્યાય પૃષ્ઠ-૧૧૫)

આ રીતે જુદા જુદા સમયગાળા દરમિયાન સ્ત્રીઓના અધિકારો અને સ્થાનનું નિરૂપણ સંસ્કૃત સાહિત્યમાં નિરૂપિત કરવામાં આવ્યું છે કે તે સમયગાળામાં સ્ત્રીઓનું સ્થાન ઘણું ઊંચું હતું. જો કે મધ્યયુગીન સમયગાળામાં સ્ત્રીઓની સ્થિતિ ઘણી દયનીય બની રહેવા પામી હતી. પરદાપ્રથા, સતીપ્રથા, બાલિકા હત્યા, વિધવા પુર્નલગ્ન નિષેધ જેવી અનેક પ્રથાઓ ઉદ્દભવ-વિકાસ પામી હતી. સ્ત્રીઓના જીવન ઉપર અનેક નિયંત્રણો લાદવામાં આવ્યા હતા.

ભારતમાં બૌધ્ધકાળમાં સ્ત્રીઓની સ્થિતિમાં કેટલોક સુધારો અવશ્ય થયો. સ્ત્રીને શિક્ષણ લગ્ન અને ધાર્મિક કાર્યમાં ભાગીદારી પ્રાપ્ત થઇ. અંગ્રેજ શાસનકાળમાં ભારતીય સમાજમાં નવયુગનો પ્રારંભ થયો. ઓગણીસમી સદીમાં સ્ત્રી સમાજે સ્ત્રી મુક્તિ માટે અનેકવિધ પ્રયાસો કર્યા, વધુમાં રાજા રામમોહનરાય ૧૯મી સદીના મહત્વના સૂત્રધાર અને ભારતીય જન-જાગરણના શક્તિશાળી નેતા હતા. તેમના પ્રયાસોથી ઇ.સ.૧૮૨૯માં સતીપ્રથા નાબૂદી કાનૂન ઘડાયો. આવી જ રીતે વિધવા વિવાહના વિરોધ સામે ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર, દયાનંદ સરસ્વતી, દેવેન્દ્રનાથ ટાગોર, વગેરે સુધારકોએ નેતૃત્વ પુરુ પાડયું. સ્ત્રી જીવન સંબંધી ઘણા નિયંત્રણો સુધારકોના પ્રયાસોથી હળવા બન્યા.

ભારતનું સ્વતંત્રતા આંદોલન, સ્વતંત્ર ભારતનું બંધારણ, સ્ત્રીઓના અધિકારોની તરફદારી કરતા સ્વતંત્ર ભારતના કાનૂનો, સ્ત્રીઓની સ્થિતિ સુધારવાના સરકારી પ્રયાસો વિગેરેની અસર હેઠળ આઝાદી પછીના સમયગાળામાં સ્ત્રીઓનું સ્થાન ઉંચે આવી રહ્યું છે. આમ છતાં વર્તમાન સમયમાં સ્ત્રી જીવન સંબંધિ અનેક સમસ્યાઓ, પ્રશ્નો અને પડકારો જેવા કે સ્ત્રીમાં નિરક્ષરતા, સ્ત્રીઓ પરના બળાત્કાર, સ્ત્રીઓની આત્મહત્યા, સ્ત્રીઓના ખૂન સ્ત્રીભૃણ હત્યા, સ્ત્રીઓની જાતિય સતામણી, ઘરેલું હિંસા ઉદ્દભવ વિકાસ પામ્યા છે. સ્ત્રીઓના અધિકારોનું મૂલ્યાંકન ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળને એમ ત્રણેય કાળને ધ્યાનમાં રાખીને કરી શકાય.

**સંદર્ભગ્રંથ-સૂચિ**

(૧) આહુજા રામ : ભારતીય સામાજિક વ્યવસ્થા' (હિન્દી) જયપુર, સંજય પ્રકાશન,૧૯૯૫
(૨) ગાંધી પરમાનંદઃ આપણો વૈદિક વારસો' અમદાવાદ, સાધના પ્રકાશન, ૨૦૧૧
(૩) દેવર્ષિ કલાનાથ શાસ્ત્રી : 'સંસ્કૃત સાહિત્ય કા ઈતિહાસ' (હિન્દી) જયપુર, પ્રકાશક, સાહિત્યાગાર, ૨૦૦૯
(૪) મીનાક્ષી સિંહ : 'પ્રાચીન ધર્મ એવં દર્શન મે મહિલાયે' નઇ દિલ્લી, ઓમેગા પબ્લિકેશન-૨૦૧૮
(૫) પ્રા. હુકમતરાય દેસાઇ : 'મનુ સ્મૃતિ' સુરત, પ્રકાશક, સાહિત્ય સંગમ-૨૦૦૯ તથા અન્ય (સંપાદક મંડળ)
(૬) સુનીલ ગોયલ અને સંગીતા ગોયલ : 'ભારતીય સમાજ મેં નારી (હિન્દી), જયપુર પ્રકાશક, આર.બી.એસ.એ-૨૦૦૩
(૭) ડૉ. શ્રીમતી સ્કોલસ્ટિકા કુજૂર : 'રામાયણકાલીન નારી' એક અનુશીલન હિન્દી) દિલ્લી, ઈસ્ટર્ન બુક લિંકર્સ ૨૦૧૧
(૮) આહુજા રામઃ 'ભારતીય સમાજ' (હિન્દી) જયપુર, રાવત પબ્લિકેશન્સ,
(૯) ડૉ. મફતલાલ પટેલઃ 'મહિલા અને માનવ અધિકારો' અમદાવાદ, રન્નાદે પ્રકાશન ૨૦૦૧